ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### ગૌસંવર્ધન માટે ૫૨ હેકટર જમીન વિકસાવવા માટે ૨૩.૮૯ લાખની સહાય

ગાંધીનગર જિલ્લામાં ગોસંવર્ધન માટે કેટલી જમીન ઘાસચાર ઉગાડવા માટે તેમજ વિકસાવવા સહાય ચુકવવામાં આવી? કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના પ્રશ્ન સંદર્ભે ગૌસંવર્ધનમંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૬-૧૭માં ૫૨ હેકટર જમીન માટે ૨૩.૮૯ લાખ સહાય ચુકવવામાં આવી છે. જયારે વર્ષ ૨૦૧૭-૧૮ માં કોઈ સહાય ચુકવવામાં આવી નથી. જયારે ગૌચર વિકાસ માટે સહાય મેળવવા માટે એક અરજી મળી છે.

- **મધ્યાહ્ન ભોજનમાં મરેલો ઉંદર મળ્યો હોવાની એક ફરિયાદ ફરી આવુ ન થાય તેની તાકીદ**

કલોલ તાલુકામાં મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત આપવામાં આવતા ખોરાકમાં મરેલા ઉંદર મળી આવ્યા અંગેની કેટલી ફરિયાદો મળી ? કલોલ તાલુકાના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં શિક્ષણમંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ આ અંગે એક ફરિયાદ મળી છે. જયારે આ ફરિયાદ સંદર્ભે આવુ ભોજન બાળકોને પીરસવામાં આવ્યુ નથી ખાદ્ય સામગ્રીનો લેબોરેટરી ટેસ્ટ કરવામા આવ્યો છે. આ અંગે નિયમનુસાર કાર્યવાહી કરી ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાનુ પુનરાવર્તન ન થાય તે માટે સંબંધિતોને તાકીદ કરવામાં આવી છે.

- **વિકાસ કમિશ્નરની કચેરીમાં મંજુર મહેકમ સામે ૨૨ જગ્યા ખાલી**

ગાંધીનગર સ્થિત વિકાસ કમિશ્નરની કચેરીમાં સંવર્ગ મુજબ મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે ? રાજેન્દ્રસિંહ ઠાકોરના આ પ્રશ્ન અંગે પંચાયત મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ વિકાસ કમિશ્નરની કચેરીમાં વર્ગ ૧ થી ૪ માં સંવર્ગવાર કુલ ૧૧૭ જગ્યા મંજુર થયેલી છે. જયારે આ પૈકી ૯૫ જગ્યા ભરેલી છે. જયારે ૨૨ ખાલી છે. આ પૈકી સૌથી વધુ વર્ગ-૩ની ૧૫ જગ્યા ખાલી છે. જયારે વર્ગ-૪ માં પણ ૪ જગ્યા ખાલી છે.

- **ક્ષેત્રીય વનિકરણ હેઠળ બે વર્ષમાં ૧૮૪ હેકટરમાં વાવેતર**

ગાંધીનગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ બે વર્ષમાં કેટલા વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યુ દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણના પ્રશ્નના જવાબમાં વનમંત્રીએ જણાંવ્યા મુજબ આ દરમિયાન ૧૮૪ હેકટરમાં વાવેતર કરવામાં આવ્યુ છે. જયારે આ કામગીરી પાછળ રૂ ૮૦.૫૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

- **મહીલા કલ્યાણ કેન્દ્રોમાં ૧૧૦૧૭ લાભાર્થીઓએ લાભ લીધો**

ગાંધીનગર જિલ્લામાં વિવિધલક્ષી મહીલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે એ એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો છે ? હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના પ્રશ્ન સંદર્ભે મહીલા અને બાળ આરોગ્ય કલ્યાણ મંત્રીએ જણાંવ્યા મુજબ ૬ કેન્દ્રો કાર્યરત છે. જેમાં એક વર્ષમાં ૧૧૦૧૭ લાભાર્થીઓએ લાભ લીધો છે.

- **ઠરાવ લાગુ ન પડતો ન હોવાથી શિક્ષણ સહાયકોને ઉચ્ચતર પગાર ધોરણ મળતો નથી**

ધોરણ-૬ થી ૮ માં શિક્ષણ સહાયકોને બઢતી પ્રવરતા અને

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં વરસાદી છાંટણા

**વાતાવરણમાં નાટયાત્મક પલ્ટાથી જનજીવન પ્રભાવિત : રવિવારે મોડીરાત્રે ઠંડા પવનની લહેરકી વચ્ચે વરસાદી છાંટણા વરસ્યા : આજે પણ દિવસ દરમિયાન આકાશી નઝારો બદલાયો : ગરમીનો પારો ત્રણ ડી ગ્રી નીચે ઉતર્યો : મોસમના વિચિત્ર મિજાજ વચ્ચે જન આરોગ્ય પર વિપરિત અસર**





ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં ગરમીની ઋતુના પ્રારંભે જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટાના લીધે ગઈકાલે મોડીરાત્રે વરસાદના છાંટણા થયા હતા. સુસવાટા મારતા ઠંડા પવન સાથે વરસાદી વાદળો આકાશમાં ઘેરાઈ આવતા ભીની માટીની મહેંક પ્રસરી હતી. જયારે રાત્રિના વરસાદી છાંટણાના અંતે અષાઢી માહોલ છવાયો હતો. આકરી ગરમીની ઋતુમાં વરસાદી છાંટણાના લીધે ખેડુતોમાં પણ ચિંતા પ્રવર્તી હતી. વાતાવરણ પલ્ટાના અંતે મહત્તમ તાપમાનમાં પણ આજે ચાર ડી ગ્રીની ગિરાવટ જોવા મળી હતી. જેના લીધે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી મોસમના વિચિત્ર મિજાજથી જનજીવન પ્રભાવિત છે. ઠંડી ગરમીની મિશ્ર ઋતુનો માંડ અંત આવ્યો ત્યાં અચાનક જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસ્યા હતા. છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં ઠંડી અદ્રશ્ય થવાની સાથે આકરી ગરમીનુ મોજુ ફરી વળતા ઉનાળાના આગમન સાથે નગરજનોએ ગરમ કપડા પણ મુકી દીધા હતા. જયારે થોડા દિવસો અગાઉ અચાનક જ વાતાવરણ પલ્ટા વચ્ચે ફરી એકવાર ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જયારે એક સપ્તાહથી ગરમીનો પારો ઉંચકાયો હતો ત્યાં ગઈકાલે રાત્રિના અચાનક જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. જયારે ઠંડા પવનની લહેરકી વચ્ચે માડી રાત્રે વરસાદના છાંટણા વરસતા વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. વરસાદી છાંટણા વચ્ચે નગરમાં ભીની માટીની મહેંક પ્રસરી હતી. વરસાદી વાદળો મંડરાતા ખેડુતો પણ ચિંતા પેઠી હતી. ઘઉં સહીતના પાક માટે વરસાદ નુકશાની સમાન પુરવાર થાય તેમ હોવાથી ભુમિપુત્રોમાં ચિંતાના વાદળો ઘેરાયા હતા. જો કે પલવાર માટે છાંટણા વરસાવી વરસાદે વિદાય લેતા ખેડુતોએ રાહત અનુભવી હતી. પરંતુ આજે પણ સવારથી જ વાતાવરમ પલ્ટાની અસર વર્તાઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

# આજે તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી

**પ્રમુખ માટે ભાજપે શોભનાબેન વાઘેલા તો કોંગ્રેસે વનીતાબેન સોલંકી, ઉપપ્રમુખપદ માટે ભાજપે જગદીશ પટેલને તો કોંગ્રેસે ગોપાળજી ઠાકોરને મેદાનમાં ઉતાર્યા**

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લાની સૌથી મોટી તાલુકા પંચાયત પર ભાજપ કબ્જો જાળવી રાખશે કે પછી જનાદેશ પછી કોંગ્રેસ સત્તા સમર્થન સાથે મેળવશે તેવી રાજકીય અટકળો આજે ચરમસીમાએ પહોંચી છે.

તાલુકા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખ વચ્ચે આજે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જામશે. ભાજપે પ્રમુખપદ માટે કોબા બેઠક પરથી વિજયી થયેલા શોભનાબેન વાઘેલાને મેદાનમાં ઉતાર્યા છે તો કોંગ્રેસ પક્ષે મહુન્દ્રાની બેઠક પરથી વિજયી થયેલા વનીતાબેન જે. સોલંકીને મેદાનમાં ઉતાર્યા છે.

ઉપપ્રમુખ પદ માટે ભાજપે શિહોલી બેઠક પરથી વિજયી બનેલા જગદીશભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા છે તો કોંગ્રેસ પક્ષે ટીંટોડાની બેઠક પર વિજયી થયેલ ગોપાળજી ઠાકોરને મેદાનમાં ઉતાર્યા છે.

બન્ને પક્ષના સભ્યો કેમ્પમાં હોવા છતાં બન્ને પક્ષો ચિંતાતુર છે. બન્ને પક્ષના રણનીતિકારોએ સભ્યોને સીધા જ સભાખંડમાં લઈ આવવાનો નિર્ણય કર્યો છે.

બન્ને પક્ષોમાં ઉમેદવારોની પસંદગી અંગે છેલ્લી મિનિટો સુધી સસ્પેન્શન રાખવામાં સફળતા જરૂર મેળવી હતી. જો કે સમય પૂર્ણ થવામાં અર્ધા કલાકની વાર હતી ત્યાં જ બન્ને પક્ષના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

કોંગ્રેસમાંથી ત્રણ થી ચાર સભ્યો પસંદગીને મુદ્દે સખ્ત નારાજ થયાના અહેવાલો વચ્ચે છેલ્લી ઘડીએ ઉપપ્રમુખપદના ઉમેદવારમાં ફેરફાર કરાયો હોવાની વાતો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યા હતા. જો કે કોંગ્રેસ પક્ષના આગેવાનો તેમના ઉમેદવારો સત્તા મેળવવા માટે અનસ્ટોપેબલ હોવાનું જણાવી રહ્યા છે.

બીજી તરફ ભાજપ પણ તેની વ્યુહરચના પર મુસ્કાન છે અને અપક્ષોના સમર્થન તેમજ કોંગ્રેસના સભ્યો મતદાનથી અળગા રહી તેમની સત્તાનો માર્ગ મોકળો કરશે તેવો દાવો કરી રહ્યા છે.

રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ બન્ને પક્ષના નેતાઓ હાલ તો આખરી વ્યુહરચનામાં

● અનુસંધાન પાન-૭ પર

# આજે મેયર સામેના કેસ પક્ષાંતર ધારાની મુદત

**મેયરની મુદત પુરી થવામાં હવે છ માસ જેટલો સમય પણ માંડ બચ્યો છે : રાજકીય વર્તુળોમાં અટકળોનો માહોલ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણ પટેલ સામે રાજ્યની વડી અદાલતમાં ચાલતા પક્ષાંતર ધારા ભંગના કેસની આજે મુદત છે. નામોનિર્દિષ્ટ અધિકારીએ મેયરે પક્ષાંતર કર્યુ ન હોવાના આપેલા ચુકાદા પછી હાઈકોર્ટના દ્વાર કોંગ્રેસ દ્વારા ખટખટાવવામાં આવ્યા હતા. હવે આજે આ કેસની મુદત છે.

મળતી વિગતો પ્રમાણે મેયરની મુદત પુરી થવામાં હવે છ માસ જેટલો સમય પણ માંડ બચ્યો છે અને આ કેસની આજે મુદત આવતાં પુનઃ રાજકીય વર્તુળોમાં અટકળોનો માહોલ ઉભો થવા પામ્યો છે.

ગાંધીનગરના બીજા મેયર પક્ષાંતર ધારા ભંગનો સામનો કરી રહ્યા છે. અગાઉ મહેન્દ્રસિંહ રાણા સામે પણ આવો કેસ નામો નિર્દિષ્ટ અધિકારી અને ત્યારબાદ વડી અદાલતમાં ચાલ્યો હતો પરંતુ બન્ને જગ્યાએ કોંગ્રેસનો પરાજય થયો હતો. આ વખતે કોંગ્રેસ પાર્ટી આ કેસમાં કોઈ કચાશ છોડવાના મૂડમાં નથી.

# જિલ્લામાં ૮૦ બાળકોને હૃદયની બિમારી

**૧૬ બાળકો કિડનીની તો ૩ બાળકો કેન્સરની બિમારીથી પિડાતા મળ્યા : તમાકુના બંધાણી ૬૮ બાળકો મળી આવ્યા, ભણતરમાં માનસિક તનાવ અનુભવતા ૨૦ અને સ્થૂળતા ધરાવતા ૩૭ બાળકો મળ્યા**

ગાંધીનગર, તા. ૧૯

શાળા-આરોગ્ય ચકાસણીના મહત્વાકાંક્ષી કાર્યક્રમમાં જિલ્લામાંથી ૯૦ બાળકોને હૃદયની, ૧૬ બાળકોને કિડનીની અને ૩ બાળકોને કેન્સર હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

જિલ્લામાં એનીમીયાથી પિડાતા બાળકોની સંખ્યા પણ મોટી છે. પાંડુરોગથી પિડાતા ૮૮૫૫ અને આંગકૃમિથી પિડાતા બાળકોની સંખ્યા ૨૬૦૧ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દાંતની બિમારીથી પિડાતા બાળકોની સંખ્યા પણ ૩૩૬૭ તો આંખની તકલીફ ધરાવતા બાળકોની સંખ્યા ૧૫૮૪, ચામડીની બિમારી ધરાવતા બાળકોની સંખ્યા ૧૨૯૬ અને શ્વસનતંત્રના રોગો ધરાવતા બાળકોની સંખ્યા ૯૨૭ હોવાનું જણાયુ છે.

શહેરીકરણની અસર તળે વિકસી રહેલા બાળકોમાં શરીરની સ્થૂળતા ધરાવતા ૩૭ બાળકો મળી આવ્યા છે જે ખૂબજ ચિંતાજનક હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

તમાકુનું વ્યસન ધરાવતા બાળકોની સંખ્યા ૬૮ હોવાનું પણ ચકાસણી દરમ્યાન બહાર આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ચેતાતંત્રની બિમારી ધરાવતા ૨૬ અને અન્ય રોગ ધરાવતા ૨૧૬૩ બાળકો મળી આવ્યા છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હૃદયની બિમારી ધરાવતા વધુ બાળકો દહેગામમાંથી ૨૮, માણસામાંથી ૨૨, કલોલમાંથી ૧૬ તથા ગાંધીનગરમાંથી ૧૪ બાળકો મળી આવ્યા છે.

કીડનીની બિમારી ધરાવતા બાળકોમાં દહેગામમાંથી ૫, ગાંધીનગરમાં અને કલોલમાંથી ૪-૪ તેમજ માણસામાંથી ૩ બાળકો મળ્યા છે. જ્યારે કેન્સરથી પિડાતા ૨ બાળકો ગાંધીનગર તાલુકામાંથી અને ૧ બાળક દહેગામમાંથી મળી આવેલ છે. તમાકુનું સેવન કરતા બાળકોમાં સૌથી વધુ માણસામાંથી ૪૦, ગાંધીનગરમાંથી ૨૩ અને દહેગામમાંથી પાંચ બાળકો મળી આવ્યા છે.

શાળા અહેવાલમાં સૌથી ચોંકાવનારી હકીકત એ બહાર આવી છે કે જિલ્લામાં ૨૦ બાળકો ભણતરને લઈ માનસિક તનાવ અનુભવી રહ્યા છે. જેમાં સૌથી વધુ કલોલમાંથી ૧૩ અને ગાંધીનગરમાંથી ૪ બાળકોનો સમાવેશ થાય છે. ૯૨૭ બાળકોને શ્વસનતંત્રની બિમારી જણાઈ છે. દહેગામ અને માણસામાંથી ચામડીના રોગોથી પિડાતા બાળકો પણ ૪૦૦થી વધુ તો ગાંધીનગર-કલોલમાંથી ૨૦૦-૨૦૦ કરતાં વધુ બાળકો મળી આવ્યા છે.

## શહેરનું બાળપણ બિચારૂ !

**શાળામાં ભણતા ૫૦ ટકા જેટલા બાળકો બિમાર છે : ૩૪ બાળકોને હૃદયની, ૧ બાળકને થેલેસીમીયા તો ૭ ને કિડનીની બિમારી જણાઈ ૩૦ હજાર બાળકોને સ્થળ પર સારવાર**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરનું બાળપણ બિચારૂ અને બાપડુ બની આવતીકાલના ભવિષ્ય તરીકે ઉભરી રહ્યુ છે ત્યારે વાલી જગતમાં ચિંતાનો માહોલ પ્રસરેલો જોવા મળી રહ્યો છે.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલા અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં ૫૦ ટકાથી વધુ બાળકો બિમારીથી પિડાતા જોવા મળ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલ વિગતો પ્રમાણે શહેરમાં ૬૧,૯૪૫ બાળકોની તપાસ હાથ ધરાઈ હતી જે પૈકી ૩૦,૪૩૯ બાળકોને તબીબી અધિકારી દ્વારા સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે.

જે ચોંકાવનારા આંકડાઓ બહાર આવ્યા છે તેમાં ૨૮૯ બાળકોને આંખની, ૭૩ બાળકોને ચામડીની, ૨૪ બાળકોને ઈએનટીની તકલીફો જણાઈ આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૩૪ બાળકોને હૃદયની, ૭ બાળકોને કીડનીની, ૧ બાળકને થેલેસેમિયાની અને બે બાળકોને ક્સબફૂટની સારવાર આપવામાં આવી છે.

# સ્વર્ણિમ પાર્કમાં છેલ્લા ૧૫ દિવસથી ફાઉન્ટેન શો બંધ

**વેકેશન પુર્વે શરૂ કરી દેવાશે : ફુવારાની સફાઇ તેમજ અન્ય જાળવણીનુ કામ ચાલુ હોવાથી શો બંધ : ટુંકમાં શરૂ કરી દેવાશે**

ગાંધીનગર તા ૧૯

સ્વર્ણિમ પાર્કમાં સ્થિત વોટર શો છેલ્લા ૧૫ દિવસથી બંધ હાલતમાં છે. સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓને આકર્ષિત કરવા માટે જર્મન ટેકનોલોજીની બનાવટ ધરાવતી મશીનરી સાથે ફાઉન્ટેઈન મુકવામાં આવ્યા છે. રંગબેરંગી ફુવારા હવામાં ઉંચે સુધી ઉડે તે મુજબ ફાઉન્ટેઈન શો કાર્ય કરે છે. પરંતુ છેલ્લા ઘણાં દિવસથી આ વોટર શો બંધ છે. જેના લીધે સાંજના સમયે મુલાકાતીઓને ફુવારા જોવા મળતા નથી. ફાઉન્ટેઈન શો ની જાળવણીનુ કામ ચાલુ હોવાના લીધે વોટર શો બંધ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે આગામી સપ્તાહમાં આ ફુવારા ચાલુ થઈ જશે તેમ પણ તંત્રએ જણાંવ્યુ છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં અનેક આકર્ષણો ઉભા કરાયા છે. જો કે સ્વર્ણિમ પાર્કની જાળવણીની કામગીરી છેલ્લા ઘણાં સમયથી ખાડે ગઈ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સ્વર્ણિમ પાર્કમાં કસરતાના સાધનો સહીત ભુલકાઓ માટે રમતગમતના સાધનો પણ મુકાયા છે. જયારે હરિયાળી લોન અને અવનવા પ્લાન્ટેશન વચ્ચે રંગબેરંગી લાઈટસ વચ્ચે રાત્રિના સમયે સ્વર્ણિમ પાર્કનો નઝારો વધુ નિખરે છે. ત્યારે વેકેશન પણ હવે નજીકમાં છે. ત્યારે પાર્કમાં જરૂરી સુવિધાઓ પણ અપગ્રેડ કરવાની સાથે જાળવણીનુ કામ પણ હાથ ધરાયુ છે. જેમાં છેલ્લા ઘણાં સમયથી બંધ પાર્કનો વોટર શો પણ હવે ટુંકમાં શરૂ કરી દેવાશે. સ્વર્ણિમ પાર્કમાં વોટર શો છેલ્લા દસ દિવસથી બંધ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેના લીધે હાલ સહેલાણીઓને આ ફાઉન્ટેઈન શો નિહાળવા મળતો નથી. ચાઈના તેમજ જર્મનીની ટેકનોલોજીના ઉપયોગથી પાર્કમાં નિર્માણ કરાયેલા આ વોટર શો ને અનુલક્ષી ભુલકાઓમાં પણ વિશેષ આકર્ષણ છવાય છે. ત્યારે આગામી વેકેશન પુર્વે ફુવારાની સફાઈ તેમજ જાળવણીનુ કામ હાથ ધરાયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ ટુંકમાં જ આ બંધ ફુવારા શરૂ થઈ જશે. જયારે સ્વર્ણિમ પાર્કમાં ભુલકાઓને રમવા માટેના સાધનો છે તેવા ઠેકાણે પર્યાપ્ત લાઈટ પણ ન હોવાના લીધે અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. જે નિવારવા માટે પણ યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

**ઢીંચણના દુઃખાવા માટેનો અકસીર ઉપાય**

આજકાલ દરેકના ઘરમાં કોઈને કોઈ વડીલને ઢીંચણ (ઘૂંટણ)નો દુઃખાવો રહેતો હોય છે. અને ડોક્ટર "Knee Replecement" માટેની સલાહ આપે છે.જેનો ખર્ચ ૧ થી ૩ લાખ રૂપિયા થાય છે. આ માટેનો સસ્તો, સારો અને સરળ ઉપાય બાવળના બીનો પાવડર હુંફાળા પાણી સાથે બપોરે અને રાત્રે જમ્યા પછી એક ચમચી લેવાથી દુઃખાવો બિલકુલ દૂર થાય છે. ઓપરેશન કરવાની પણ જરૂર રહેતી નથી.

૧૦૦ ગ્રામ પેકીંગ પાવડરની કિંમત માત્ર ૧૦૦ રૂપિયા છે.

*પાવડર મેળવવાનું સ્થળ :*

વાસુદેવ પટેલ

"આરામ બંગલો", બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડની સામે, સોપાન ફ્લેટની પાસે, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪

વોટસેપ-ફોન નં.: ૯૯૮૮૮૦૪૮૮

૩૦૦ ગ્રામથી વધારે કુરિયર મારફત પણ મોકલી આપશું. સેવાનુ કામ છે આ માહિતી આગળ ફોરવર્ડ કરશો જેથી કોઈ મોટી રકમના ખર્ચથી બચી શકે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com